# શહરે રમઝાનુલ મુઅઝ્ઝમ અને લયલતુલ કદરની ફઝીલતો

સિફ્તો સના અને તાઅરીફ છે તે અલ્લાહની જે તમામ દેખીતી અને અનદેખી ચીઝોને કોઈ નમૂના કે ઔઝાર કે સામાનનો સહારો લીધા બગૈર ઈબ્દાઅ કરીને કોઈ વસીલા બગૈર પૈદા કરનાર છે, હરકતવાલી તેમજ સાકિન-બેજાન ચીઝોની ખલકત કરનાર છે. મુમેનીનની જમાઅત - અલ્લાહતઆલા આપને હિકમત સાંભલનારા કરે અને એને કુબૂલ કરવાની કુદરત અતા ફરમાવે. એવી કૌમમાંથી બનાવે કે, જેને વાસ્તે અલ્લાહે ફરમાવું છે કે, તેઓની આંખો મારી ઝિક્રથી પરદામાં હતી અને તેઓ એને સાંભલી શકતા ન હતા. અલ્લાહતઆલા હર કૌમ પર નબી મુકે છે અને નબી જ પોતાના લોગોને અલ્લાહની ઝિક્ર અને તેના કલામ સંભલાવે છે. જે કૌમ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના ઝમાનમાં થઈ, તેઓને નબી સાહબે અલ્લાહના કલામ જે આખરી હતા, તે કુરઆને કરીમ સંભલાવા, જેના પહેલા કોઈએ એવા કલામ સાંભલા ન હતા.

અહલે બૈત (અ.સ.) ના એક આલિમે આ આયાતના બારામાં બયાન ફરમાવું છે કે, હમેં એને તે કદર વાલી રાતમાં નાઝિલ કીધા છે કે, ખુદાએ બહેતરીન મહીનાની બહેતરીન રાતમાં બહેતરીન કિતાબ નાઝિલ ફરમાવી છે. ઈન્ના અન્ઝલ્નાહો માં "હો" ના હરફમાં ઈશારો કુરઆનની તરફ છે, જેની દલીલ અલ્લાહતઆલાનો એ કૌલ છે કે, "રમઝાનનો મહીનો એ છે કે, જેમાં કુરઆન નાઝિલ કરવામાં આવા જે લોગોને વાસ્તે હિદાયત છે અને આ હિદાયતો અલ્લાહની રોશન નિશાનીઓ છે."

રમઝાનનો મહીનો બાર મહીનાઓ (૧ સાલ) માંથી એક મહીનો છે, અલ્લાહતઆલાએ વરસો, મહીનાઓ અને દિનોને ઈન્સાનની જિસ્માની સૂરતને વુજૂદમાં લાવવા વાસ્તે નિશાની અને સબબ બનાવા છે. જો આ વકતોની ગિનતી ન હોત અને ઝમાનો જ ન હોત તો ઈન્સાન પૈદા ન થાત. ઈન્સાનને અકલ તરફ પહોંચવાનું છે અને આ અકલ તરફ પહોંચવા વાસ્તે તેનું જિસ્મે મહેસૂસ એક વસીલો છે, રસ્તો છે. જિસ્મે મહેસૂસ આ દુનિયામાં રહીને પોતાની રૂહાની સૂરતને વુજૂદમાં ન લાવે અને અમનો રાહત સાથે એના પરવરદિગારની તરફ ન પલટે, તો જિસ્માની દુનિયાનો એનો આ ફેરો બેકાર થઈ જાય. અલ્લાહતઆલાએ ઈન્સાનને જિસ્મના આલમમાંથી ઉપર ચઢાવવા વાસ્તે શરીઅતનાં આઅમાલની તકલીફ આપી છે. જેમ અલ્લાહતઆલા ફરમાવે છે કે, "એય ઈત્મિનાન-યાફ્તા નફ્સ (જાન) તું તારા પરવરદિગારની તરફ પલટી જા, તું એનાથી રાઝી અને એ તારાથી રાઝી." બીજી માઅનામાં આ વરસ, મહીના, દિન અને કલાકોનો બીજી કોઈ તરફ ઈશારો નથી, પણ નબી, વસી, ઈમામ અને દોઆત ની તરફ છે કે, જેઓ શરીઅત પર ઈન્સાનને ચલાવીને તેને રૂહાની બલંદી અને ઈત્મિનાન-બખ્શ મકામ અપાવવા નુબૂવત, વસાયત, ઈમામતની દાઅવત લઈને પધારા. જેથી ઈન્સાની અરવાહને એની જિસ્માની તબીઅતનાં અંધારામાંથી, આલમે જિસ્માનીની ગંદગીમાંથી પાકો સાફ કરીને નજાત અપાવી શકે. આ દુનિયામાંથી દારે આખેરતમાં સહીહો સાલિમ પહોંચાવી શકે.

જે તરહ એક વરસમાં બાર મહીનાઓ હોય છે અને એક મહીનામાં ત્રીસ અય્યામ હોય છે અને એક દિન ચોવીસ કલાકને જમા કરનાર હોય છે, તે જ તરહ નબી આપના દરજાથી નીચેના તમામ હુદૂદના મરતબાઓ જમા કરનાર હોય છે. આપનો દરજો તમામની કુવ્વતો અને કાબેલીયતોને પૂરો કરનાર હોય છે. આપ તમામ રૂહાની સૂરતોને બનાવનાર એક વરસની જેમ છે, જે વરસ ઈન્સાનની ઝાહિરી જિસ્માની સૂરતને બનાવે છે. અલ્લાહ સુબ્હાનોહૂનો કૌલ એ તરફ દલાલત કરે છે કે, "શું એ લોગો નથી જોતા કે, તેઓને હર વરસમાં એક યા બે વકત આઝમાવવામાં આવે છે." આ કલામે ખુદાવંદીનો એ વાત તરફ ઈશારો અને દલીલ છે કે, નબીને મોકલા બાદ વસાયત અને ઈમામતના એમ બે મરતબાઓની વજેહથી દૌલત, શોહરત અને મનમાનીના બલ પર ઉમ્મતમાં ઝઘડાઓ થાય છે, એથી લોગોની આઝમાઈશ અને કસોટી થાય છે, જે મુજબ આ દૌરે મોહંમદીના લોગોની પણ આઝમાઈશ થઈ.

મુમેનીનની જમાઅત! અલ્લાહ જલ્લા શાનોહૂ તમને ખૈરના લોગોમાંથી બનાવે. અગર તમેં આ કૌલને સાંભલો છો અને તેની ઈતાઅત કરો છો કે, જેમાં ફરમાવવામાં આવેલું છે કે, " એય ઈમાનવાલાઓ! તમેં અલ્લાહ અને એના રસૂલ અને સાહેબે અમ્રની ઈતાઅત કરો." જેમ વરસ, મહીનાઓ, દિનો અને કલાકોની કમાલીયત છે - તમામ ઝમાનાને સમાવી લે છે, તેમ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) નો નુબૂવતનો મરતબો તેનાથી નીચેનાં દાઅવતના તમામ મરતબાઓને સમાવી લે છે. જેમ એક સાલને અંદરોઅંદર ઈન્સાનની તબીઅતથી બનેલી જિસ્માની સૂરત પૂરી થાય છે અને દુનિયામાં તે આવે છે, તેમ રૂહાની સૂરતોને વુજૂદમાં લાવવા વાસ્તે તમામ રૂહાની સરદારોના સરદાર નબીને અલ્લાહતઆલાએ આ દુનિયામાં મુકેલા છે. જે નબી સાહબ ઈન્સાનોને દુનિયાની જકડ અને પકડમાંથી નિકાલીને બાકી રહેવા વાલા આખેરતનાં ઘર તરફ વાલે છે, જહાં તેઓ ઝિંદા રહી શકે.

જે મુજબ હમેં વરસનાં વુજૂદને એની અંદર શામિલ ચાર મૌસમના મહીનાઓ અને તેમાં ઈબાદતોનાં અય્યામને માનીએ છીએ અને એની અંદર શામિલ તમામ ફાઝિલ અને ગૈર ફાઝિલ મહીનાઓનો ચિતાર અને સિફ્તને નિગાહ સામે રાખીએ - એ હાલમાં કે, વરસના તમામ બાર મહીનાઓ અલ્લાહના જ છે અને તેએ જ તરતીબ આપેલા છે - તો હમારા પર એ પણ વાજિબ થઈ જાય છે કે, નુબૂવતનો મરતબો જે એનાથી નીચે તમામ મરતબાઓનાં કમાલને જમા કરનાર છે અને પૂરા કરવાવાલો છે, તેના બારામાં હમેં અલ્લાહ સુબ્હાનોહૂનો આ કૌલ પઢનારાઓ પર ઝરૂર પૈશ કરીએ કે, "તે એ જ છે કે,

જેએ સુરજને રોશન અને ચાંદને નૂરાની બનાવા અને એની મંઝિલો મુકર્રર કીધી, જેથી તમેં વરસોની ગિન્તી અને હિસાબ જાણી શકો." અલ્લાહતઆલાએ આથી હકીકતમાં અંબિયા અને હુદૂદની મુરાદ લીધી છે. રમઝાનનો મહીનો સાલનાં બાર મહીનાઓમાંથી નવમો છે અને બધો જ હિસાબ ચાર કિસ્મોમાં વેચી દીધો છે - એકમ, દશક, સો અને હઝાર. નવમો આંક એકમનો આખિરી અને ઈન્તેહા છે અને સાલમાં એનો મકામ રમઝાનનો મહીનો છે. તે બાદ માહે શવ્વાલ આવે છે, જેનો મકામ દશકમાં પહેલો છે, અને તે બાદ સો નો મકામ ઝુલ કાઅદહ મહીના પર અને ઝુલ હિજ્જહનો મકામ હઝારનો છે. તેથી સાલના બાર મહીનાઓ પૂરા થાવાથી એકમ, દશક, સો અને હઝારનો હિસાબ મુકમ્મલ થઈ જાય છે. ઈરશાદે રબ્બાની છે કે, "આ તો એ ઝબરદસ્ત જાણવાવાલાનો અંદાઝો કીધેલો છે." તેથી શહરે રમઝાન વસીએ અકરમના મરતબાને મુકાબિલ છે, કેમકે, મૌ. આદમ (અ.સ.) થી વસીઓની ગિન્તીનો શુમાર કરવામાં આવે, તો આપના વસીઓ હાબીલ (અ.સ.) અને શીસ (અ.સ.) હતા, મૌ. નૂહ (અ.સ.) ના સામ (અ.સ.), મૌ. ઈબ્રાહીમ (અ.સ.) ના ઈસ્માઈલ (અ.સ.) અને ઈસ્હાક (અ.સ.) હતા, મૌ. મૂસા (અ.સ.) ના હારૂન (અ.સ.) અને યૂશાઅ (અ.સ.) હતા, મૌ. ઈસા (અ.સ.) ના શમ્ઊન (અ.સ.) અને મોહંમદ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના વસી અલી વલીયુલ્લાહ (અ.સ.) હતા, જેઓ ગિન્તીમાં નવમા છે. આ મહીનાની નવની ગિન્તીમાં વાકેઅ થાવું, જે એકમના આંકનું આખિર અને નિહાયત છે, તે વસીની તૌહીદ અને કલેમએ ઈખ્લાસની હકીકતની નિશાનીઓને ઝાહિર કરવા વાસ્તેનો એક સબબ છે. અગર શહરૂલ્લાહની ઔર ગહેરાઈથી તફસીલાત અને તકસીમોને લઈએ તો ઘણી જ દરાઝ શરેહ કરવી પડે, જેથી જે મકસદ હમારો છે, તે બાકી રહી જાય. કુરઆનમાં આ મહીનાની ફઝીલતની જે માઅના આવેલી છે, તે બયાન કરવાનો જ ફક્ત હમારો ઈરાદો છે, જે સબબ ઈમાનદારોના દિલોમાં યકીન સાબિત થઈ જાય.

આ રોઝાનો મહીનો છે અને રોઝું રાત સિવાય દિનમાં જમવા-પીવાથી અને બૈરો સાથે જિન્સી સોહબત કરવાથી રૂકી જાવું છે. આ મહીનાના મમ્સૂલ કે, જે વસીએ રસૂલુલ્લાહ (અ.સ.) છે, આપની દાઅવત તાવીલની દાઅવત છે, જેમાં પોશીદગીની હદ ઝરૂરી છે. તે એ છે કે, ઈલ્મને ઝાહિરમાં બયાન કરવાની મનાઈ છે. રમઝાનના મહીનાના દિન મુકર્રર છે, જેની ઝિક્ર કુરઆનમાં અય્યામન માઅદૂદાતથી ઝાહિર થાય છે. તેથી તેમાં કોઈ કમી થઈ શકતી નથી. એના મુકાબલામાં વસીના હુદૂદની ગિન્તી નક્કી કરેલી હોય છે, જેમાં કોઈ કમી યા ઝિયાદતી મુમ્કિન હોતી નથી.

અલ્લાહતઆલાનો ઈરશાદ છે કે, આ મહીનો તે છે કે, જેમાં કુરઆન નાઝિલ કરવામાં આવેલા છે. આમાં કુરઆની હકીકત, બાતિની તાવીલના બારામાં એક ઈશારો છે, જે જાન અને અકલ વાસ્તે એક ખોરાક છે. શું હમેં નથી પઢતા કે, હક્કતઆલા આગલ ફરમાવે છે કે, આ કુરઆન લોગોને વાસ્તે હિદાયત છે અને હિદાયતો તો અલ્લાહની રોશન નિશાનીઓ છે. હિદાયતના અગર ઝાહિરી માઅના અને સમઝ લેવામાં આવે તો દુનિયાના અકસર લોગો આ કિતાબની જાણકારી રાખે છે, ઘણાં પઢે છે, ઘણાં સમઝે છે, પણ હિદાયત લેવાને બદલે એ લોગોમાંથી ગુમ્રાહ ઝિયાદહ થાય છે. આયાતે કુરઆનીમાંથી અકસર આયતો અગર અનપઢ અને નાસમઝ લોગો પઢે અને તેની માઅના સાંભલે તો તેમાં ઈખ્તેલાફ અને વિરોધાભાસ પૈદા થાય છે અને એવા લોગોને કુરઆનમાં હિદાયતનો હિસ્સો થોડો અને તેઓની કમઅકલી-કજફહેમીના સબબ ઈખ્તેલાફનો હિસ્સો ઝિયાદહ મિલે છે. તેથી શહરે રમઝાનમાં કુરઆનનો નુઝૂલ ફક્ત હિદાયતને વાસ્તે જ નથી. પણ હિદાયતને સાથે કુરઆનમાં સમાયેલા દીન અને દુનિયાના ઊલૂમને નિકાલવા તરફ ઈશારો છે. આ કિતાબ જે સરચશ્મએ હિદાયત અને ઈલ્મ છે, તેનો ફાયદો તે જ લોગો લઈ શકે છે કે, જે લોગો દિલના અને જિસ્મના પાકો સાફ હોય. જેમ ઈરશાદે હક્કતઆલા છે કે, આ કુરઆનને એ લોગો સિવાય કે જેને પાક કરવામાં આવા છે, અડકી નથી શકતા. આ આયતના હુરૂફથી સાબિત થાય છે કે, કુરઆનથી હિદાયત હર કોઈ શખ્સ હાસિલ નથી કરી શકતો. એના હુરૂફ, હરકતો અને ઝાહિર અલ્ફાઝની માઅના જાણવા વાસ્તે કોઈ કાફિરને એને અડકવાથી રોકી શકતું નથી. યા કુરઆન એ લોગોની જૂઠી તરદીદથી મહેફૂઝ રહી શકતો નથી. કાફિરોની નજાસત એની જાન અને રૂહમાં છૂપેલી હોય છે. અગર ઝાહિરમાં હમેં જોઈએ તો એના જિસ્મ-લિબાસ પર નાપાકી નથી હોતી. પણ મુશ્રિક યા કાફિર, અલ્લાહતઆલાની તૌહીદ, અંબિયા (અ.સ.) અને આપની કિતાબોના ઈન્કારના સબબ છે. ઈમાનની પાકીઝગી અલ્લાહની તૌહીદ અને દીગર અકીદાઓની અદાયગીથી થાય છે. તેથી કુરઆને કરીમને અલ્લાહતઆલાએ એવા મહીનામાં નાઝિલ કીધા છે કે, જેમાં રોઝા ફરઝ કરવામાં આવા છે. રાતોમાં નમાઝો કાઈમ કરવાની અને કારે ખૈર કરીને સવાબ કમાવવાની રગબત બતાવવામાં આવી છે. હરએક નેક અમલ અને ઈબાદતનો સવાબ એક ફરીઝતનો છે અને એક ફરીઝતનો સવાબ ૭૦ ગણો છે. તેથી આ મહીનામાં અલ્લાહના બંદાઓના દિલોમાં ઈમાન મઝબૂત થાય છે. શરીઅતના અરકાનની પાબંદીના સબબ દીનદારી આવે છે. મુમેનીનના જિસ્મ અને જાન ઈબાદતના નૂરાની સાંચામાં ઢલે છે, તેથી અલ્લાહતઆલા રાઝી-બરિઝા થાય છે. આ સબબ જ શહેરૂલ્લાહ હિદાયત અને ફુરકાનના મહીના છે, જેમાં કોઈની પણ ગુનાહોંથી મગફેરત અને બખ્શિશ થઈ તેને જીત હાસિલ થઈ અને દારૂલ આખેરતમાં નજાતની દૌલત મિલી ગઈ. અલ્લાહતઆલા દાઈયુઝઝમાન (ત.ઉ.શ.) ના સબબ શહરૂલ્લાહિલ હરામની બરકાતને મુમેનીનની જમાઅતમાં જારીયહ રાખે. આમીન, યા વલીયલ મુમેનીન.